# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૯૯ • તા. ૩૧ જાન્યુઆરી થી ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૬

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


## દાદાના દેરાસર પર... ઉડે રે ધ્વજા...
## ઉડે રે ધ્વજા... એને જોવાની મજા...
## ફરકે છે ધ્વજા... એને જોવાની મજા...

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો



Pic: Kiran Palany

શ્રી કોઠારા જૈન દેરાસર (તા.અબડાસા)

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH
DIAMONDS








RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સુખી જીવનની ચાવીઓ

દોસ્ત કે દુશ્મન બનાવવા આપણા હાથની વાત છે. આપણા પોઝિટીવ વિચાર, સરળ વ્યવહાર અને આત્મીયતા ભર્યું વર્તન સરળ અને નિખાલસ જીવનનો રાજમાર્ગ બનાવે છે. જે લોકોને આપણા દોસ્ત બનાવે છે અને અકડ વર્તન નિરંકુશ વાણી અને તોછડાઈ ભર્યો વ્યવહાર આચાર ડગલે પગલે દુશ્મનો ઊભા કરે છે. કેટલીક વાતો શીખવાની હોય છે તો કેટલીક વાતો સમજવાની હોય છે. આદર્શ અને ઉપયોગી અમુક વાતો જાણેલી હોય તો કામ આવે એવી બની શકે છે.

૧) કામ સ્થળે કામને લગતી ચિંતા કરવી અને ઘરમાં ઘરની વાતોમાં પૂરે પૂરૂ ધ્યાન આપવું. સંતાનોને માત્ર સુખ નથી જોઈતું, વડીલનું સાંનિધ્ય અને હેત પણ જોઈએ છે. એ ધ્યાનમાં રાખો.

૨) આપણી પોતાની ખાનગી વાત કોઈ પાસે કરવી નહીં. કારણકે અંગત વાત વધુ વખત અપ્રગટ રહેતી નથી. વહેલી તકે જાહેરમાં પ્રસરી જાય છે.

૩) નિષ્ઠુર ન બનવું ને સાથો સાથ વધુ પડતા લાગણીશીલ પણ ન બનવું.

૪) જેમ હાથની પાંચ આંગળીઓ સરખી નથી. એમ પરિવારના પાંચ જણના સ્વભાવ અલગ હોવાના તેમની પ્રકૃતિ બદલવાની કોશિષ ન કરો. સૌને પોતાની રીતે વર્તવાની મોકળાશ આપો.

૫) સરળ અને સીધી પ્રકૃતિના રહો પણ સજાગ થઈને રહો. કોઈ છેતરી ન જાય, આપણી સરળતાનો લાભ ન લઈ જાય એ જુઓ.

૬) જીવનમાં બધે બધું મળી જાય એ જરૂરી નથી. કેટલું ગુમાવીને પણ અધિક મળે છે. આપવાનું અનેરૂ મહત્વ છે. જે આપે છે તે જ મેળવે છે એ યાદ રાખો.

૭) શક્તિ અને સામર્થ્ય હોય એટલું જ મળે એવી આકાંક્ષા રાખો, ગજા ઉપરાંતનું મળે એ પણ જીરવવાની તાકાત હોવી જોઈએ. જેટલું થઈ શકે એટલી જ કામના ધરાવો નથી કરી શકવાના તેનો મોહ છોડી દો.

૮) દુનિયા આપણે ન હતા ત્યારે હતી, આપણે છીએ ત્યારે પણ છે. એટલે આપણા વગર દુનિયાનો વ્યવહાર અટકી જશે એવો ખ્યાલ પણ મનમાં ન ધારવો.

૯) કોઈ પણ બાબતમાં ખોટી ઉતાવળ કરવી નહીં. ઉતાવળ કર્યા પછી નિરાંતે પસ્તાવવું એના કરતાં શાંત ચિતે વિચારવું, ચાલવું અને ભોજન કરવું. જે આરોગ્ય માટે તેમજ જીવન વ્યવહાર માટે સારૂં છે.

૧૦) વર્તમાન સમક્ષ નજર રાખવી. ભવિષ્યની ચિંતા ન કરવી અને ભૂતકાળને ભૂલી જવું. માત્ર અગાઉ થઈ ગયેલ અનુભવને નજર સમક્ષ રાખવા.

૧૧) બધા આપણી સાથે સંમત હોય એ જરૂરી નથી. દરેકે દરેક આપણા વિચાર, વર્તનના સમર્થક હોય એવી અપેક્ષા પણ રાખવી નહીં. દરેકને પોતાના ગમા અણગમા હોય છે. એનો નિખાલસતાથી સ્વીકાર કરો.

૧૨) બધા કામ એક સાથે કરવાની કોશિષ ન કરવી. આનાથી એક પણ કામ સફળતા ને નહીં વરે.

૧૩) જે નથી મળ્યું તેનો અફસોસ ન કરવો, જીવનમાં જે મળ્યું છે તેનો આનંદ માણો.

૧૪) જે મળ્યું એ હરિકૃપા અને જે નથી મળ્યું એ હરિ ઈચ્છા. એ સંતોષ અને સમાધાન હૈયે સદાય રાખો.

– જય જ્ઞાતિમૈયા

# લગ્ન વિચ્છેદના કારણો

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દરેક જીવના જીવનમાં જન્મ, મરણ અણધાર્યા અને અણચિન્હીત આવે છે. તે જ પ્રમાણે લગ્ન પણ ભલે વ્યક્તિની હાથમાં હોય છે પણ કોની સાથે થશે એ ઉપરવાળાના હાથમાં છે. એટલે લોકો કહે છે કે લગ્ન થાય છે ધરતી પર પણ તે નક્કી થાય છે સ્વર્ગમાં. એક એવો સમય હતો જ્યારે લગ્નને જીવનનો અંતિમ મહત્વનો નિર્ણય હોવાનું મનાતું હતું. એકવાર લગ્ન થાય એટલે આખું જીવન સાથે રહેવાનું એટલું જ નહીં. સાત જન્મ સાથે રહીએ એવું કહેવાતું લગ્નજીવન એટલે એક પ્રકારની ભાગીદારી પાર્ટનરશીપ જેમ તેના સારા નરસા પાસા જોઈ, જાણી સમજી છતાં નિભાવાય તેજ પ્રકારે અગાઉ લગ્નજીવનમાં બાંધછોડ કરવી પડે કે નમવું પડે એ રીતે સંબંધ નિભાવી લેવામાં આવતો. પરંતુ હવે સમયના બદલાવ સાથે દંપતીના વિચારો અને જરૂરિયાતો બદલાયાં છે.

આજકાલ હવે એવો જીવન સાથી હોય એવી અપેક્ષા રખાય છે કે જે ભાવનાત્મક રીતે તેને સમજે, વ્યક્તિ તરીકે પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા બક્ષે, એકબીજાના વિચારો, માન્યતા અને નિર્ણયોનું સન્માન કરે, એકબીજાને જીવનમાં આગળ વધવામાં સહકાર આપે. આમ આ પ્રકારની અપેક્ષા રખાય એ ખોટું નથી કે નથી કંઈ અયોગ્ય. પણ ખરી સમસ્યા જ્યારે બન્ને પાત્રો પોતપોતાના કાર્યક્ષેત્રમાં ખૂબ બિઝી રહે અને ભાવનાત્મક રીતે જોડાવાનો સમય જ ન મેળવે. કમ્યુનિકેશનના અભાવમાં એકબીજાની લાગણીઓ ન સમજી શકે, ન વ્યક્ત કરી શકે. ત્યારે ધીમે ધીમે અંતર આવતો જાય છે. પર્સનલ સ્પેસ ન મળવાથી ઈગો ઘવાય. અપેક્ષાઓ એટલી વધી જાય કે જે કોઈનાથી પૂરી ન થઈ શકે. આને લીધે ધીરજ, ધૈર્ય ખૂટી જાય અને માનસિક તાણમાં તણાઈ સંબંધ વિચ્છેદ કરવા આગળ વધે છે.

એક્ષ્પર્ટના તારણો પ્રમાણે પાર્ટનરના વિચાર માન્યતાઓને ગહનપણે સમજ્યાં વગર, આદતોને જાણ્યા વગર સંબંધે બંધાય, લગ્ન પહેલાં કોઈક બાબત ક્લીયર સમજી ન હોય પછી તે જ બાબત મોટી રીતે ઉજાગર થાય. અગાઉ કોઈ વચન આપ્યું હોય અને તે પૂરું ન કર્યું તો, શારીરિક આકર્ષણથી મોહીને સુંદરતાના પૂજારી બનીને હા કરી હોય તો, ભાવનાત્મક, શારીરિક કે આર્થિક અપેક્ષાઓમાં અઢળક ઢળીને સંબંધ બાંધેલ હોય. શરૂઆતમાં ઉત્સાહ અને પ્રેમનો જોશ પૂરબહારમાં હોય પણ પછી તેમાં ઓટ આવી જાય. આકર્ષણનો જાદુ ચાલ્યો જાય. ઉષ્મા ખોઈ બેઠી હોય. કોઈની કોઈ રીતે લાગણી ઘવાઈ હોય. પ્રેમ, પ્રશંસા, ઉત્સાહની જગાએ નિરાશા થાક અને સંબંધ માંડ માંડ ખેંચાતા હોય એવો ભાવ સર્જાતો હોય. દરેક વાતે મતભેદ થાય જે વધતા જઈ મનભેદ સુધી લંબાઈ જાય, પરિવારજનો કે આત્મીય મિત્રોની દખલઅંદાજી દરેકે દરેક બાબતે ઉજાગર થતી જાય જરૂરથી વધારે વધતી જાય ત્યારે આપસી તકરાર વધતી જાય ને છૂટાછેડા લેવા તરફ આગળ વધતી જાય છે.

આજકાલ છૂટાછેડા લેવા પાછળના કારણોમાં ભાવનાત્મક દૂરી અને સમજનો અભાવ છે. વ્યસ્ત જીવનશૈલી સમયનો અભાવ ભાવનાઓને સમજવી નહી જેવા કારણોથી લગ્નગાંઠ છૂટી થવાના કારણો છે. લગ્ન પહેલાં દરેક બાબતોને ખૂલીને ચર્ચવાથી આપસી સમજ અને વિશ્વાસ ગાઢ બને છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અબડાસા પંચતીર્થીમાં ઊંચાઈમાં સૌથી ઊંચું કોઠારાનું જૈન દેરાસર

અબડાસા પંચતીર્થીમાં ઉંચાઈમાં સૌથી ઊંચું અને કચ્છનાં જિનાલયોમાં પણ ઊંચાઈમાં સૌથી ઊંચું અને વિશાળતા અને ભવ્યતામાં ભવ્ય કોઠારાનું જૈન દેરાસર છે. ૭૮ ફુટ લાંબુ, ૬૪ ફુટ પહોળું અને ૭૩.૫ ફુટ ઊંચું કોઠારાનું જૈન જિનાલય એની વિશાળતા અને ભવ્યતા, કલાકારીગરી તથા શિલ્પકામ માટે જગવિખ્યાત છે.

વેપારક્ષેત્રે નામના અને સફળતા મેળવનાર જ્ઞાતિના મુકુટમણિ સમાન ત્રણ શ્રેષ્ઠીઓ શેઠ શ્રી વેલજી માલુ, શેઠ શ્રી શીવજી નેણશી તથા શેઠ શ્રી કેશવજી નાયકે કોઠારામાં ભવ્ય જિન પ્રસાદ નિર્માણ કર્યું. આ સમગ્ર દેરાસરની રચના સારામાં સારા કુશળ કારીગરો રોકીને સાભરાઇ કચ્છના સલાટ નથુ રાગવજીએ કરેલ.

કોઠારાના રાજવી જાડેજા મોકાજીનું માર્ગદર્શન લઇ નકશો મંજુર કરાવવામાં આવેલ. શેઠ શ્રી શીવજી નેણશી જાતે દેખરેખ રાખવા મુંબઈથી કચ્છ કોઠારા ગામે આવીને રહ્યા હતા. સારામાં સારા કારીગરો રોકીને સં. ૧૯૧૪-૧૫ માં જિનાલયનું કામશરૂ કરાવવામાં આવેલ. ૪૦૦ માણસોએ ૪ વર્ષ સુધી કામકરતાં આ ભવ્યકલાકૃતિઓથી સુશોભિત ગગનચુંબી જિનાલય બાંધવા પાછળ ત્રણેય શ્રેષ્ઠીવર્યોએ ૧૬ લાખ કોરી ખર્ચ કરેલ. જિનાલયના પાયામાં એકાવન ગાડા નાણું નાખીને જિનાલયની બાંધણીને મજબુત કરવામાં આવેલ.

સવંત ૧૯૧૮ મહાસુદ-૧૩ બુધવાર તા. ૧૨-૨-૧૮૬૨ નાં આ ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા કરવામાં આવેલ.

અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી રત્નસાગરસુરીશ્વરજી મ.સા. તથા અનેક શ્રમણ-શ્રમણીવૃંદ ઉપસ્થિત રહ્યા હતા.

આ જિનાલયના નિર્માણ પહેલાં જિનાલયની બાજુમાં એક નાનું સુંદર દેરાસર છે જે ૪૫૦ વર્ષ પહેલા બંધાયેલ છે. જેમાં શાંતિનાથજી પ્રભુ બિરાજમાન છે. આ મૂર્તિ સંપત્તિ રાજાના વખતની વર્ષો પ્રાચીન છે. આ મૂર્તિનો પ્રભાવ મનને હરી લે છે. આ જિનાલયને જુના શાંતિનાથ જિનાલય તરીકે ઓળખવામાં આવે છે.

ગામના મધ્ય ભાગમાં જાણે એક મોટો પહાડ ખડો કર્યો હોય એવી ભવ્ય ઉંચાઈ ધરાવતું આ જૈન દેરાસર આખાયે દેશમાં વિશાળતા અને ભવ્યતામાં અજોડ છે. પર્વતની શિખરમાળા જેવું દ્રશ્ય ખડું કરાવતાં એના ઉપરના બાર ઉન્નત શ્વેત શિખરો દૂર-દૂરથી આવતા યાત્રાળુઓને મંત્રમુગ્ધ બનાવી દે છે. આ વિશાળ જિનાલય સાત ગંભારાવાળું બાંધવામાં આવેલ છે. દેરાસરનાં ઊંચા શિખરો જાણે વાદળથી વાતો કરી રહ્યા છે.

તો ઉપર ધર્મનાથ પ્રભુજીનો રંગમંડપ અહીંનું મુખ્ય આકર્ષણ છે.

આજે પણ એ ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવતું કોઠારા ગામનું મેરૂ પ્રભ શાંતિનાથજી જિનાલય જૈન વસ્તી વિસ્તારમાં વચ્ચે ઉન્નત મસ્તકે ખડા એનાં બારબાર શિખરો એક અદ્‌ભૂત દ્રશ્ય રચીને યાત્રિકોને દૂરથી જ આશ્ચર્ય ચકિત કરી દે છે.

મુખ્ય ગંભારામાં સાડાત્રણ ફુટ ઊંચા આસન પર સુવર્ણ મુકુટધારી મુળનાયક શાંતિનાથ પ્રભુજી બેઠેલા છે. નીચે ભોંયારામાં કુંથુનાથ પ્રભુજી બિરાજે છે. જયારે ઉપર રંગમંડપમાં ધર્મનાથ પ્રભુજીની મોટી પ્રતિમા બિરાજમાન છે.

કલાકારીગરીથી ભરચક એવા આ મનોહર દેરાસરનું એક મુખ્ય આકર્ષણ એટલે જગવિખ્યાત આબુ દેલવાડાના દેરાણી-જેઠાણીના ગોખલાની આબેહુબ નકલ મુખ્ય પ્રવેશ દ્વારની બંને બાજુએ શોભાયમાન કરી દર્શનાર્થીઓનું અભિવાદન કરતી ઈન્દ્રની અપ્સરાઓ મઢિત કમાનોનું સૌદર્ય અવર્ણનીય છે. જેનો ખ્યાલ ફક્ત પ્રત્યક્ષ જોવાથી જ આવી શકે. નેમ-રાજુલનાં લગ્ન મંડપની ચોરીનું નિરૂપણ, મુખ્ય જિનાલયની પ્રદક્ષિણા કરતી વેળાએ યક્ષિકાઓ અને શિલ્પકલા સુશોભનોથી ભરપુર દિવાલોને જોતા નજર થંભી જાય છે.

૨૦૦ કિલો વજન ધરાવતો ખૂબજ મોટો ઘંટ અહીં જોવા મળે છે. ધર્મશાળા, મહાજનવાડી, પાંજરાપોળ, આંયબીલવાડી, જૈન હોલ, અતિથિગૃહ, ઉપાશ્રય, કાયમી ભોજનાશાળા તથા રહેવા-ઉતરવા-જમવાની સુંદર સવલતો અહીં ઉપલબ્ધ છે. જેથી અહીં યાત્રિકોની ભારે અવર-જવર રહે છે. યાત્રિકો માટે ઉતરવા ૧૮ રૂમોનું અતિથિગૃહ તથા કાયમી ભોજનશાળા ઉપલબ્ધ છે. અત્યારે આ ભવ્ય જિનાલયનું જીર્ણોદ્ધાર કાર્ય ચાલી રહ્યું છે.

વધુ માહિતી માટે મો. ૯૭૧૨૦૮૨૨૩૫ નો સંપર્ક કરવો.

આવા જિનાલયની વર્ષગાંઠ-ધ્વજારોહણ પ્રસંગ ઉજવાતો હોય ત્યારે સૌ કોઠારા તીર્થવાસીઓને કોઠારાની પાવનધરા પર ચોક્કસ આવવું જ જોઇએ અને ધ્વજારોહણ કાર્યક્રમમાં અવશ્ય ઉપસ્થિત રહેવું જોઇએ.

## દાદાના દેરાસર પર... ઉડે રે ધ્વજા...
## ઉડે રે ધ્વજા... એને જોવાની મજા...
## ફરકે છે ધ્વજા... એને જોવાની મજા...

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો









(સંકલન પ્રબોધ મુનવર)

અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા તીર્થના મેરુપ્રભ શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪મી વર્ષ ગાંઠ અને ૧૬૫ મો ધ્વજારોહણ કાર્યક્રમ પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ.સા. શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી જગતત્રયાશ્રીજી મ.સા.ની શુભપાવન નિશ્રામાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પાવન પ્રસંગે શ્રી કોઠારા તીર્થવાસીઓ, નિયાણી બહેનો, માદરેવતન કોઠારા તીર્થે પધાર્યા હતા. ૧૬૫ મી ધ્વજાનો પ્રસંગ ત્રિહાન્હિકા મહોત્સવ અને ધાર્મિક આરાધનાઓ સાથે ઉજવાયો હતો.

મુંબઇથી સંઘ રૂપે કોઠારા પધારેલા સર્વે કોઠારા તીર્થવાસીઓનું શ્રી કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા વાજતે-ગાજતે સામૈયું કરવામાં આવેલ.

કોઠારા જિનાલય બંધાવનાર શેઠ શ્રી વેલજી માલુ, શેઠ શ્રી શીવજી નેણશી તથા શેઠ શ્રી કેશવજી નાયકની અંતરની ભાવનાઓને બિરદાવી તેઓને યાદ કરી વંદના કરવામાં આવેલ.

પ્રથમ દિવસે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા તથા રાત્રે ભાવના યોજાઇ હતી. દ્વિતીય દિવસે ૧૮ અભિષેક મહાપૂજન તથા રાત્રે ભક્તિભાવનાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. અઢાર અભિષેકનો લાભ માતુશ્રી જ્યોતિબેન જિતેન્દ્ર જવેરચંદ ધરમશી (મુલુંડ) પરિવારે લીધો હતો.

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો








દ્વિતીય દિવસે સવારની નવકારશીનો લાભ માતુશ્રી સોનબાઇ ચત્રભોજ નાગડા ચિ. નેન્સીના લગ્ન પ્રસંગે હસ્તે રતનબેન મણીલાલ નાગડા (મુલુંડ) પરિવારે લીધો હતો.

બપોરના સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી દેવકાંબાઇ નેણશી ધરમશી પરિવાર કોઠારા-મુલુંડ તથા માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા હસ્તે અ.સૌ. કલ્પનાબેન સોમચંદ લોડાયા આરીખાણા-મુલુંડ પરિવારે લીધેલ.

સંધ્યા ભોજનનો લાભ માતુશ્રી વિજ્યાબાઇ રાયચંદ ભોજરાજ ધરમશી (મસૂર) હસ્તે અ.સૌ. વિણાબેન નીતીન ધરમશી કોઠારા-મસૂર તથા માતુશ્રી ખમાબેન ઉત્તમચંદ ખોના કોઠારા-સાંગલી પરિવારે લીધેલ.

તૃતીય દિવસે સવારની નવકારશીનો લાભ માતુશ્રી પ્રેમાબાઇ લાલજી શામજી અજાણી કોઠારા-મુલુંડ હસ્તે કુ. પુષ્પાબેન લાલજી અજાણી પરિવારે લીધેલ.

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો








બપોરનાં સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી હીરાવંતીબેન ખેતશી દેવશી દંડ કોઠારા હસ્તે અ.સૌ. દક્ષાબેન મુકેશભાઇ મૈશેરી મુલુંડ, માતુશ્રી જમકુબાઇ મેઘજી દેવશીં દંડ હસ્તે સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન (ધરમશી) કોઠારા-મુલુંડ પરિવારે જયારે સંધ્યા ભોજનનો લાભ અ.સૌ. વિજયાબેન વિરચંદ ચાંપશી શાહ (પાવડા પરિવાર) (મુલુંડ) તથા સ્વ. જયાબેન આણંદજી ચાંપશી મોતા કોઠારા-મુલુંડ પરિવારોએ લીધેલ.

પાવન પ્રસંગે મુંબઇ-કોઠારા-મુંબઇ સંઘપતિ દાતાશ્રીનો લાભ માતુશ્રી દેવકાબાઇ નેણશી ધરમશી પરિવાર કોઠારા-મુલુંડ તથા માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી લોડાયા પરિવાર આરીખાણા મુલુંડ એ લીધેલ.

કોઠારા જિનાલય મુળનાયક શ્રી શાંતિનાથ પ્રભુજીનાં ઊંચા-શ્વેત શિખરે ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી વિજયાબેન રાયચંદ ભોજરાજ ધરમશી (ભાટે) કોઠારા-મસૂર પરિવારે જયારે પ્રાચીન શાંતિનાથ જિનાલયનાં શિખરે ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી દેવકાંબાઇ નેણશી ધરમશી કોઠારા-મુલુંડ તથા માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા આરીખાણા પરિવારોએ લીધેલ. અન્ય શિખરોની ધ્વજાનો લાભ વિવિધ દાતાશ્રી પરિવારોએ લીધેલ.

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો








ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં વાજતે-ગાજતે જિનાલયને ફરતે પ્રદક્ષિણા કર્યા બાદ કોઠારા જિનાલયનાં શ્વેત શિખરો ઉપર પુન્યશાળી લાભાર્થી પરિવારોએ ધ્વજારોહણ કરેલ.

કોઠારા જૈન મિત્ર મંડળના ભાઇઓ તથા કોઠારા જૈન મહિલા મંડળનાં બહેનો તથા શ્રાવક-શ્રાવિકાઓએ રાસ-દાંડીયારાસ તથા ચામરનૃત્ય-ખંજરી નૃત્ય, બેડા નૃત્યની રમઝટ જમાવેલ.

મુંબઇ-દેશાવર-ગાંધીધામ-ભુજ-માંડવી-મુન્દ્રા અને સમગ્ર કચ્છમાંથી ૨૦૦ થી વધુ ભાવિકોએ ધ્વજારોહણનો પ્રસંગ માણી ધન્યતા અનુભવી હતી. પૂજા-દર્શન-વંદન-ગુરૂભક્તિનો પણ લાભ લીધો હતો.

ત્રિદિવસિય મહોત્સવ પ્રસંગે વિધિવિધાન શ્રી નીખીલભાઇ હરીયાએ જયારે સંગીતની જોરદાર રમઝટ મોહિતભાઇ બારોટે જમાવેલ.

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો













શ્રી કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા મુખ્ય ધ્વજાનાં લાભાર્થી તથા ત્રિદિવસીય મહોત્સવનાં સવાર-બપોર-સાંજ ભોજનનાં દાતાશ્રીઓનું બહુમાન કરી તેઓશ્રીની અંતરની ભાવનાંઓને બિરદાવવામાં આવેલ.

ભારતભરનાં ૯૧ મુમુક્ષુઓને કોઠારા તીર્થની સ્પર્શના કરાવનાર શ્રી કોઠારા જૈન મહાજનશ્રીનાં ટ્રસ્ટી તથા સાવલા એન્ડ લોડાયા ટુર્સનાં શ્રી પ્રવીણભાઇ લોડાયાનાં માર્ગદર્શન અને આયોજનને બિરદાવવામાં આવેલ. મુમુક્ષુઓની અનુમોદના કરી પ્રવીણભાઇ લોડાયાનો આભાર માનવામાં આવેલ.

માતુશ્રી વિજયાબાઇ રાયચંદ ભોજરાજ ધરમશી (મસૂર-કોઠારા) હસ્તે અ.સૌ. વીણાબેન નીતીન ધરમશી પરિવારની ખાસ અનુમોદના કરવામાં આવેલ. જેમણે ૯ વખત કોઠારા જિનાલયની ધ્વજા ચડાવવાનો લાભ લીધેલ છે. તેમજ છેલ્લા ૭ વર્ષથી લાભ લઇ રહ્યા છે.

બહારગામથી પધારેલ સર્વે કોઠારા તીર્થ વાસીઓ માટે દરેક વ્યવસ્થાઓ શ્રી કોઠારા જૈન મહાજનશ્રી તથા કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા કરવામાં આવેલ.

ત્રિદિવસીય મહોત્સવ કાર્યમાં સહભાગી થનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવેલ.

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો








કોઠારાની ત્રણે સંસ્થાઓનાં ટ્રસ્ટીઓ શ્રી હેમંતભાઇ અજાણી, રાયચંદભાઇ લોડાયા, દીનેશભાઇ અજાણી, પ્રવિણભાઇ લોડાયા, મધુકાન્તભાઇ શાહ, વિરચંદભાઇ ધરમશી, મીતેશભાઇ ધરમશી આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નીતીનભાઇ ધરમશી, સોમચંદભાઇ લોડાયા, પ્રતાપ ધરમશી, ધીરજભાઇ દંડ, અનીલ મોતા, દિલીપ લોડાયા, મણીલાલ નાગડા, દીનેશ એમ. શાહ, આશિષ અજાણી, ઝવેરચંદ ધરમશી, મયુર નાગડા, મયુર લોડાયા, ખીરણ લોડાયા, દીનેશ કે. ધરમશી, દેવેન્દ્ર જીવાણી, ભાવેશ નાગડા, શાન્તીલાલ ધરમશી, વિનય મૈશેરી, હિતેન્દ્ર મોતા, સંજય નાગડા, ચીમનભાઇ નાગડા, દિપક નાગડા, ભુપેન્દ્ર મોમાયા, વિપુલ લોડાયા, પ્રેમચંદ મોમાયા, કલ્પેશ મોમાયા, ઝવેરચંદ મૈશેરી, રાજેશ દંડ, પ્રવિણ મોતા, રાયચંદ નાગડા, સોમચંદ મોતા, મણિલાલ ધરમશી આ પ્રસંગે ઉપસ્થિત રહી મહોત્સવને ચાર ચાંદ લગાવ્યા હતા.

ફાલ્ગુનીબેન નાગડા, પૂજાબેન અજાણી, નેહલબેન ધરમશી, દીપ્તીબેન અજાણી, ચૈતાલીબેન દંડ,નીતાબેન ધરમશી, હર્ષાબેન ધરમશી, વીણાબેન ધરમશી, લક્ષ્મીબેન વિકમશી, હંસાબેન મોતા, હીનાબેન અજાણી, રમીલાબેન ધરમશી, કાન્તાબેન પાલાણી, કલ્પાનબેન ધરમશી, તેજલબેન અજાણી, લીલમબેન અજાણી, જયાબેન ટી. લોડાયા, દીપ્તીબેન ધરમશી, અનુપમાબેન દંડ,મીનાબેન જીવાણી, જયશ્રી ખોના, ભાવના મોતા, કાજલ નાગડા, દક્ષાબેન લોડાયા, લીલાવંતી મુનવર, અલ્પા મોતા, ખુશ્બુ હેફા, ધનલક્ષ્મી નાગડા, દુલ્હારી નાગડા, જયશ્રીબેન લોડાયા, અનીતા ધરમશી, મનીષા લોડાયા, જશ્માબેન, જલ્પાબેન, લીલાવંતી એ. છેડા, જ્યોતિ નાગડા, રતનબેન લાલકા, હીરાવંતીબેન ધરમશી, સુશીલાબેન

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો













લોડાયા તથા શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી આ પ્રસંગ માણ્યો હતો.

ટ્રસ્ટીગણશ્રી તથા શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ શ્રી કોઠારા જૈન મહિલા મંડળ તથા કર્મચારી ગણ અને રમીલાબેન લોડાયા, જયાબેન મુનવર, વિમલા લોડાયા, રેવંતી મુનવર, મનીષા ડાઘા, હર્ષા શાહ, સરલાબેન મોતા, રિદ્ધી મોતા, કાન્તાબેન લોડાયા, કિંજલ નાગડાતથા સમાજના સ્થાનિક મહિલાઓએ કાર્યને સફળ બનાવા જહેમત ઉઠાવી હતી.પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, ગુલાબ મોતા, પ્રદીપ મુનવર, ભવ્યશાહનંદ, કેવલ નાગડા, ગીરીશ મોમાયા, પનુભા ધલ, નીલેશ લોડાયા, ગીરીશ મારાજ, મહેન્દ્ર ડાઘા,દામજી નાગડા, રમણીકભાઇ શાહનંદ તથા સ્થાનિક અને મુંબઇવાસી સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ ત્રિદિવસીય મહોત્સવને સફળ બનાવ્યો હતો.

શ્રી હેમંતભાઇ અજાણીએ જણાવ્યું હતું કે, કોઠારાનું જૈન દેરાસર ઇતિહાસનો સાક્ષીરૂપ બની આજે પણ આખાય દેશમાં વિશાળતા અને ભવ્યતામાં અજોડ છે. તેમજ ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવેછે. દેરાસરનાં ઊંચા શિખરો જાણે વાદળોથી વાતો કરી રહ્યા છે. આવું ગગનચૂંબી જિનાલય દૂર-દૂરથી આવતા યાત્રાળુઓને મંત્રમુગ્ધ બનાવી દે છે. દર વર્ષે કોઠારા

# કોઠારા જિનાલયનો ૧૬૫ મો ધ્વજારોહણ પ્રસંગ ઉજવાયો













જિનાલયની ધ્વજા પ્રસંગે કોઠારા આવવું જ જોઇએ. તેવું જણાવ્યું હતું.

શ્રી સોમચંદભાઇ લોડાયાએ જણાવ્યું હતું કે, વેપાર ક્ષેત્રે નામના અને સફળતા મેળવનાર જ્ઞાતિના મુકુટમણિ સમાન ત્રણે શ્રેષ્ઠીવર્યોએ કરેલા કાર્યો, અને અબડાસાનાં કોઠારા ગામે જિનાલયનું નિર્માણ કરી ભવ્ય ઇતિહાસ રચ્યો છે. શાંતિ આપનારા શાંતિનાથ પ્રભુજી હાજરા હજુર છે. દર્શન માત્રથી મનને શાંતિ પ્રાપ્ત થાય છે.

કાર્યક્રમનું સંચાલન દિનેશ અજાણી તથા પ્રબોધ મુનવરે કરેલ. કોઠારા જૈન મહિલા મંડળ (મુંબઇ) ના દિપ્તીબેન અજાણીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં શ્રી કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓ બદલ આભાર વ્યક્ત કરેલ. તેમજ દર વર્ષે પર્યુષણ મહાપર્વે તથા જિનાલયની ધ્વજા પ્રસંગે કોઠારા પધારવા સર્વે કોઠારાતીર્થવાસીઓને વિનંતી કરવામાં આવેલ. કાર્યક્રમનાં અંતે શ્રી કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા દિનેશભાઇ અજાણીએ આભાર દર્શન કરેલ. પ્રભુજીની આંગી રચના સિદ્ધાર્થ લાલકા અને કરણ લાલકાએ સજાવેલ. પૂજન વિધિમાં પંકજ લાલકાએ સહકાર આપેલ.

# દેશભરનાં ૯૧ મુમુક્ષોએ કોઠારા તીર્થે પધારી કોઠારા ગામની ધન્યધરાને પાવન કરી

તારક તીર્થંકર પરમાત્માની ૧૧૯ કલ્યાણક ભૂમિઓની સ્પર્શના કરી સમસ્ત જૈન સંપ્રદાયના ભારત ભરનાં ૯૧ મુમુક્ષોએ સાવલા એન્ડ લોડાયા ટુર્સના પ્રવીણભાઇ લોડાયાના આયોજન માર્ગદર્શનથી કચ્છની પંચતીર્થી તથા તીર્થોની સ્પર્શના કરતા અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા તીર્થે પધારતા તેઓનું વાજતે-ગાજતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ.



સાધન-સંપન પરિવારોનાં આ મુમુક્ષુઓએ સંસાર ત્યજી સંયમ માર્ગ પસંદ કરી વૈરાગ્ય ભાવ પ્રાપ્ત થતાં દીક્ષા ગ્રહણ કરશે.

એકી સાથે ૯૧ મુમુક્ષુઓ કોઠારા તીર્થે પહોંચતાં દીક્ષાર્થી અમર રહો. જિનશાસનનો જય જય કારના નાદોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

અચલગચ્છ, તપાગચ્છ, ખરતરગચ્છ તથા અન્ય જૈન સંપ્રદાયોનાં ૯૧ મુમુક્ષુઓ કોઠારા તીર્થે પાવન પગલા કરતાં કોઠારા તીર્થની પાવન ધરા ધન્ય ધન્ય બની હતી.

આ મુમુક્ષુઓને સંસાર અસાર લાગ્યો અને સંયમના માર્ગના ભાવ થઇ ગયા.

તા.૪ થી જાન્યુઆરીથી આબુ, શંખેશ્વર, જીરાવલ્લા, ગિરનાર, ભદ્રેશ્વર તીર્થ, ૭૨ જિનાલય તીર્થે થઇ ૯૧ મુમુક્ષુએ અબડાસા પંચતીર્થીની યાત્રા કરી હતી. છેલ્લા ૩ વર્ષથી શ્રી પ્રવીણભાઇ લોડાયા દ્વારા મુમુક્ષુઓ માટે આવું આયોજન કરવામાં આવે છે.

૯૧ મુમુક્ષો કોઠારા તીર્થે શાંતિનાથ પ્રભુજીનાં અઢાર અભિષેક કાર્યક્રમ તેમજ રાત્રે ભાવનામાં ઉપસ્થિતિ આપી હતી.

કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા મુમુક્ષુઓને સંયમ માર્ગ માટેની અનુમોદના સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# માંડવી બંદરે શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૫મી વર્ષગાંઠ ઉજવાઈ


















માંડવી શ્રી અજીતનાથજી જિલનાયની ૧૪૫મી વર્ષગાંઠની ઉજવણી પ.પૂ. સા.શ્રી કોમલગીરાશ્રીજી મ. સા., ની શુભ પાવન નિશ્રામાં ધાર્મિક આરાધનાંઓ સાથે કરવામાં આવી હતી. પ્રભુજીનાં અઢાર-અભિષેકનો લાભ ૧૮ ભાગ્યશાળી દાતાશ્રી પરિવારોએ લીધો હતો. અઢાર અભિષેક-પૂજા-ભાવના-પ્રભુજીની ભવ્ય આંગી, સતરભેદી પૂજા, શાંતિકળશ, સૂર્ય-ચંદ્રદર્શન, ચામરનૃત્ય, રાસ સહિતનાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાયા હતા.

મુળનાયક શ્રી અજીતનાથ પ્રભુજીની ધ્વજા ચડાવવાનો લાભ શિરિષભાઇ કાંતિલાલ ભંડારી માંડવી પરિવારે, આદેશ્વર પ્રભુજીની ધ્વજાનો લાભ સમીરભાઇ નટવરલાલ શાહ, રાજેશ રમણીકલાલ શાહ, નિર્મલ ચુનીલાલ શાહ માંડવી પરિવારે શાંતિનાથ પ્રભુજીની ધ્વજાનો લાભ અરવિંદભાઇ કુંવરજી ગાલા માંડવી પરિવારે જયારે શ્રી યક્ષ-યક્ષિણી દેવીની ધ્વજાનો લાભ ગુલાબબેન મનસુખલાલ શાહ માંડવી પરિવારે લીધો હતો.ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓ પ્રભુભક્તિમાં તરબોળ બની રાસ રમી નાચી ઝુમી ઉઠયા હતા.

# માંડવી બંદરે શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૫મી વર્ષગાંઠ ઉજવાઈ













આ શુભ અવસરે બપોરનાં સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી નયનાબેન નટવરલાલ શાહ પરિવાર માંડવી પરિવારે લીધો હતો. રંગમંડપનો લાભ માતુશ્રી હીરબાઇ પુનશી મૈશેરી-માંડવી હસ્તે દિલીપભાઇ તથા વિનયભાઇ મૈશેરી માંડવી પરિવારે લીધેલ.

પૂ.સા. શ્રી કોમલગીરાશ્રીજી મ.સા.એ જણાવ્યું હતું કે, માંડવીનું બંદર રોડ અને અજીતનાથ પ્રભુજીનું ભવ્ય જિનાલય આજે પણ ઇતિહાસનાં સાક્ષી રહ્યા છે.

આરતી ઉતારવાનો લાભ કમલેશભાઇ ગોસ્વામી, મંગલ દીવાનો લાભ સંઘવી રસીકલાલ મણીલાલ માધાપર, શાંતિ કળશનો લાભ તારાબેન વછરાજ શાહ પરિવાર-માંડવી, દીપક-ધૂપનો લાભ માતુશ્રી હીરબાઇ પુનશીં મૈશેરી માંડવી, સૂર્ય દર્શન, ચંદ્રદર્શન અને પ્રથમ અષ્ટપ્રકારી પૂજાનો લાભ મધુકાન્ત બાબુલાલ શાહ માંડવી પરિવારે લીધેલ.

સ્વામિવાત્સલ્યનાં દાતાશ્રી નયનાબેન નટવરલાલ શાહ પરિવાર માંડવી તથા રંગ મંડપનાં દાતાશ્રી માતુશ્રી હીરબાઇ પુનશી મૈશેરી પરિવારનું ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી માંડવી દ્વારા પ્રબોધ મુનવર, જીગર મૈશેરી, વિનય મૈશેરી, તિલક ડાઘા, કૃણાલ ડાઘાએ બહુમાન કરેલ. અને દાતાશ્રીઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવેલ.

# માંડવી બંદરે શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૫મી વર્ષગાંઠ ઉજવાઇ








કમલેશ સંઘવી એન્ડ પાર્ટીએ સંગીતની ભારે રમઝટ જમાવેલ. જયારે શાસ્ત્રોક્ત વિધિવિધાન વિધિકાર શ્રી જીગ્નેશભાઇ સંઘવી માધાપરવાલા કરાવેલ.

આ અવસરે માંડવી અચલગચ્છ જૈન સંઘ પ્રમુખ શ્રી મયુરભાઇ શાહ, સુરેશભાઇ વિકમશી, ચેતનભાઇ વોરા, સંજયભાઇ ડગારાવાલા, દીનેશ એમ. શાહ, દિલીપભાઇ જૈન, ધવલ સંઘવી, હરિશ લોડાયા, પ્રફુલભાઇ નાગડા,હિરાચંદ છેડા, અભય ધરમશી, લહેરીભાઇ દોરાવાલા, શાંતિલાલભાઇ દોરાવાલા, નૈશેદ ભંડારી, સમીર શાહ, હિરેન ધરમશી, કિશોર લોડાયા, વર્ષલ લોડાયા, વિજય નાગડા, મનસુખભાઇ શાહ, હંસાબેન મૈશેરી, શિલ્પાબેન મૈશેરી, ચંદનબેન જૈન, જયાબેન મુનવર, મીનાબેન મૈશેરી, કલ્પનાબેન ધરમશી, કલ્યાણભાઇ ડાઘા, પુજારી દિલીપભાઇ, ગુણવંતી મોતા, લીલાવંતીબેન છેડા, દમયંતી મોતા, નિરુબેન લોડાયા, ભાવના ગાલા, કલ્પનાબેન હેફા, ડીમ્પલ ધરમશી, માલતીબેન ડાઘા, સોનલ લોડાયા, પ્રદિપ દંડ સહિત અગ્રણી આગેવાનો અને શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

સમગ્ર વ્યવસ્થા પ્રબોધ મુનવર, જીગર મૈશેરી, તિલક ડાઘા, કૃણાલ ડાઘા, દિલીપભાઇ મૈશેરી, વિનય મૈશેરીએ સંભાળી હતી.

# માંડવી બંદરે શ્રી અજીતનાથજી જિનાલયની ૧૪૫મી વર્ષગાંઠ ઉજવાઈ

















**શ્રી અજિતનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, માંડવી**

શ્રી દેરાસરજીની ઓછી આવક તથા નિયમિત સાધારણ ખર્ચને પહોંચી વળવા માટે તા. ૨૨-૦૧-૨૦૨૬ ના ધ્વજારોહણ પ્રસંગે વાર્ષિક સાધારણ ફંડની જાહેરાત કરવામાં આવી છે.

નકરો : રૂ. ૫,૦૦૦/-

ફંડમાં યોગદાન આપનાર દાતાશ્રીઓના નામ શ્રી દેરાસરજીમાં યોગ્ય જગ્યાએ ફ્લેક્સ બેનર ઉપર એક વર્ષ માટે (આવતી ધ્વજા સુધી) અંકિત રહેશે.

આપ સૌને વિનંતી છે કે વધુમાં વધુ નામ નોંધાવી દેરાસરજીના સાધારણ ખાતાને મજબૂત બનાવવામાં સહયોગ આપશો.

Bank Details : Shri Ajitnathji Jain Derasar Trust, State Bank of India, Mandvi Branch, A/c No. 10830565315, IFSC-SBIN0000424

સંપર્ક : વિનય મૈશેરી ૯૮૭૯૫ ૬૩૦૩૭, પ્રબોધ મુનવર ૯૯૨૫૧ ૬૯૮૭૬, જીગર મૈશેરી ૯૮૨૫૪ ૨૯૬૩૭

આપણી જ્ઞાતિનાં આ જિનાલયનું આવકનું કોઇ સાધન નથી. અજીતનાથ પ્રભુજી હાજરા હજુર છે. આ જિનાલયનાં નિભાવ માટે સાધારણ ખાતામાં અનુદાન આપવા સૌને નમ્ર વિનંતી છે.

# પ.પૂ.સાધ્વીશ્રી જિનગુણાશ્રીજી મ.સા.એ સંયમજીવનના ૩૯મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૪૪ ના મહાસુદ ૧૦ તિથિ દિને કચ્છ જખૌ ગામના માવિત્ર માતુશ્રી કાંતાબાઈ જીવરાજ મૈશેરીની ધર્મ-સંસ્કાર અને ભક્તિભાવમાં રમમાણ રહેતી સુપુત્રી આત્મકલ્યાણાર્થે સંયમ જીવન પથ સ્વીકારવાનો મક્કમ નિર્ણય કરી પાલીતાણા તીર્થે પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સાના હસ્તે દીક્ષા ગ્રહણકરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી રતનશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સા.શ્રી જિનગુણાશ્રીજી મ.સા.સાથે સંયમ જીવન પથ પરનો પ્રવાસ પ્રારંભ કર્યો.

જપ, તપ, જાપ, ધર્મ, આરાધના ભક્તિ કરતાં અને ભાવિકજનોને કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાસુદની ૧૦ તિથિ દિને પૂજ્ય સાહેબજી સંયમ જીવનના ૩૮ વર્ષની દડ મજલ સફળ રીતે પૂર્ણ કરી અદ્ભૂત ૩૯મા વર્ષમાં ભવ્યપણે પ્રવેશ કર્યો છે. આ સપરમા દિને ગુરૂભક્તોની ભાવના છે કે સાહેબજી આજ પ્રકારે અવિરત આગળ વધતા રહી સંયમ જીવનના સુર્વણ, હીરકને અમૃત વર્ષ પૂર્ણ કરતાં કરતાં સર્વોચ્ચ એવા શતક શિખરે બિરાજમાન થાય. ભાવભરી શુભકામના સાથે શત શત વંદના.

---

# પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા. સંયમજીવનના ૭ મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો



કચ્છ તેરા હાલે રાયપુરના માવિત્ર પ્રભાબેન મહેન્દ્ર લોડાયા ધર્માનુરાગી પુત્રી વિક્રમ સંવત ૨૦૭૬ના મહાસુદી ૮ તિથિ દિને ચાલીસગામ નગરે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂમાતા પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વી શ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા. સાથે સંયમ જીવનના માર્ગે આગળ વધયા.

ધર્મ, ભક્તિ, આરાધના, તપ, જપ કરતાં અને શ્રાવક શ્રાવિકાઓને કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાસુદ ૮ તિથિ દિને પૂજ્ય સાહેબજી સંયમ જીવનના ૬ વર્ષ પૂર્ણ કરી શુકનવંત ૭મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ મંગલ દિને ગુરૂભક્તોની શુભકામના સાથે શુભ ભાવના છે કે પૂજ્ય સાહેબજી સંયમ જીવન પથ પર અવિરત આગળ વધતા રહી રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ સફળતાથી પૂર્ણ કરી સર્વોચ્ચ સિધ્ધિ એવા શતક વર્ષના શિખરે બિરાજમાન થાય. શત શત વંદના પૂજ્યશ્રીને.

# પ.પૂ.સાધ્વીશ્રી માંગલ્યગુણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪ વર્ષ પૂર્ણ કર્યા



કચ્છ લાલાના માવિત્ર ખ્યાતિબેન રાજેશભાઈ મૈશેરીના ધર્મ ભક્તિમાં સદૈવ રમમાણ રહેતા પુત્રી આત્મકલ્યાણ કરવાના અડગ ધ્યેય સાથે વિક્રમ સંવત ૨૦૭૮ના મહાસુદ ૧૩ તિથિ દિને ડોંબિવલી નગરે પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી ગુરુમૈયા પ.પૂ.સાધ્વી શ્રી ભાવગુણાશ્રીજી મ.સા.ના શિષ્ય તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વી શ્રી માંગલ્યગુણાશ્રીજી સાથે સંયમ જીવન પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

તપ, ત્યાગ, ભક્તિ આરાધના કરતાં અને કરાવતાં આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાસુદી ૧૩ તિથિ દિને સાહેબજી સંયમ જીવનના ૪ વર્ષ પૂર્ણ કરી પાંચમા વર્ષમાં પુનિત પ્રવેશ કર્યો છે. આજન, સપરમા દિને ગુરૂભક્તોની શુભ મંગલકામના છે કે પૂજ્ય સાહેબજી અવિરત આગળ વધતા રજત, સુવર્ણ, હીરક સાથો સાથ અમૃત વર્ષ ઓળંગી સર્વોચ્ચ એવા શતક વર્ષના શિખરે બિરાજમાન થાય. શત શત વંદના.

# પ.પૂ.મુનિરાજ શ્રી હિરપ્રભસાગરજી મ.સા. સંયમ જીવનનું પ્રથમ પૂર્ણ કર્યું



મોટી સિંધોડીના માવિત્ર મુલચંદ ચાંપશી મૈશેરીના ધર્માનુરાગી સુપુત્ર વિક્રમ સંવત ૨૦૮૧ના મહાસુદ ૧૪ તિથિ દિને દંતાણી તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂવર્ય અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્ય તરીકે નૂતન નામ પ.પૂ.મુનિરાજ શ્રી હિરપ્રભસાગરજી મ.સા. સ્વીકારી સંયમજીવનનો પ્રવાસ પ્રારંભ કર્યો.

આજે વિક્રમ સંવત ૨૦૮૨ના મહાસુદ ૧૪ તિથિ દિને સાહેબજી ધર્મ, ભક્તિ, આરાધના કરતાં સંયમ જીવનનો પ્રથમ પૂર્ણ કરી ૨જા વર્ષમાં પગરણ પાડ્યા છે. આ સપરમા દિને સૌ ગુરૂભક્તોની ભાવના છે કે પૂજ્ય સાહેબજી આ જ રીતે અવિરત આગળ વધી પાંચ, દસને વીસ વર્ષથી આગળ રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પૂર્ણ કરતાં સર્વોચ્ચ સિધ્ધિ એવા શતક વર્ષના શિખરે બિરાજમાન થાય એ જ શુભકામના સાથે શત શત વંદના.

## બાગલકોટના શ્રી વિમલનાથજી જિનાલય મધે જિનબિંબો તથા અધિષ્ઠાયિક દેવ-દેવીઓની પ્રતિષ્ઠાનું શુભ મુહૂર્ત અચલગચ્છાધિપતિશ્રી દ્વારા પ્રદાન કરાયું

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ટ્રસ્ટ તથા શ્રી બાગલકોટ શ્રી વિમલનાથજી જૈન દેરાસરજી સમસ્ત સંઘને શ્રી વિમલનાથજી જિનાલય બાગલકોટ મધે જિનબિંબો તથા અધિષ્ઠાયક દેવ દેવીઓની પ્રતિષ્ઠાનું મુહૂર્ત અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. દ્વારા સોમવાર તા.૨૬ જાન્યુઆરી વિક્રમ સંવત ૨૦૮૨ મહાસુદ નોમ તિથિ દિને રત્નાકર ધામ અતુલ-વલસાડ, વાપી મધે પ્રદાન કર્યું.

જેમાં કુંભ સ્થાપના વૈશાખ સુદ ૧૪ તા.૩૦ એપ્રિલ ૨૦૨૬ ગુરૂવારના મંગલકારી મંગલ પ્રતિષ્ઠા રવિવાર, તા.૧૦ મેના રોજનું અપાયું છે. મુર્હૂત પ્રદાન પત્રમાં તપસ્વી મુનિરાજશ્રીતીર્થ રત્નસાગરજી મ.સા. આદિઠાણા તથા સુસાધ્વી પ.પૂ. શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણાને નિશ્રા પ્રદાન કરવા માટે સાહેબજી દ્વારા ભલામણ કરાઈ છે. સુવિશુધ્ધ વિધિકાર કેવલભાઈ સાવલા ડેપા તથા ઉદાર દિલ શ્રેષ્ઠીવર્ય કાંતિભાઈ નાનજી ગડા મોટા આસંબિયાનો સાથ સહકાર મળેલ છે તેની અનુમોદના કરાઈ છે.

---

## સુજાપુર નગરે જિનાલયનો ૧૪૪ મો ધ્વજારોહણ સાથે નૂતન ઉપાશ્રય અને ગામ પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન થયું

તા.૨૩ જાન્યુઆરી શુક્રવાર મહા સુદ ૬ તિથિ દિને કચ્છ અબડાસા પ્રાંતના સુજાપુર નગર સંઘના શ્રી અજિતનાથ સ્વામી જિનાલયનો ૧૪૪મો ધ્વજારોહણ સાથે સતર ભેદી પૂજા, ૧૮ અભિષેકની ધર્મ આરાધનાઓ કરાઈ. સાથો સાથ જૈન દેરાસર અને સુજાપુર મહાજન સંચલિત નૂતન ઉપાશ્રય અને સુજાપુર ગામના નવનિર્મિત વર્ધમાન પ્રવેશદ્વારનું લોકાપર્ણ ઉદ્‌ઘાટન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યારત્ન પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જિનપ્રભાજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી તારકગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર કેવલભાઈ સાવલાના સથવારે ભવ્યતા ભાવ સાથે સંપન્ન થયો.

વર્ધમાન પ્રવેશદ્વારના લાભાર્થી માતુશ્રી મણિબેન વર્ધમાન શામજી ખોના પરિવાર હસ્તે લેરિન વર્ધમાન શામજી ખોના, અ.સૌ.નયનાબેન લેરિન ખોના, અ.સૌ.નિકિતા અને જયમન લેરીન ખોના તથા ચિ. વૃષભ જયમન લેરીન ખોના.

૧૪૪મા ધ્વજારોહણ મહોત્સવના લાભાર્થી પરિવાર માતુશ્રી કાંતાબેન લક્ષ્મીચંદ લોડાયા સુજાપુર, સત્તર ભેદી પૂજા, તેમજ વિધિ વિધાન મંડપના લાભાર્થી માતુશ્રી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા હસ્તે દક્ષા હંસકુમાર છેડા સુજાપુર-ભાંડુપ, સવારના નવકારશી તથા બપોરના સ્વામી વાત્સલ્ય ગામ જમણના લાભાર્થી શ્રીમતી જયાબેન હીરાચંદ શાહ હસ્તે નિર્વા, નાયજા, ધારા, મંયક અને ઝીહાન સ્નેહલ જીતેન શાહ સુજાપુર-માટુંગા.

---

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

॥ સુજાપુર તીર્થ મંડન શ્રી અજિતનાથ સ્વામિને નમઃ ॥
॥ નમો નમઃ ગુરૂ શ્રી ગૌતમ–સુધર્મા–આર્યરક્ષિત–જયસિંહ–ધર્મઘોષ–મહેન્દ્ર–મેરુતુંગ–ધર્મમૂર્તિ–કલ્યાણ–ગૌતમ–નીતિ–ગુણસિંધુ–ગુણોદય–કલાપ્રભસાગરસૂરિભ્યો ॥

# શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ

## પરમ ઉપકારી પૂજ્ય ગુરૂદેવને હાર્દિક વધામણા



બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા
અમારા સંઘના પરમ ઉપકારી, પ્રતિષ્ઠાચાર્ય,
સાહિત્યરત્ન, પરમાર્થમૂર્તિ, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ને

## ગુજરાતી ગૌરવ – ૨૦૨૬

એવોર્ડ થી સન્માનીત કરાતા
શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ મંડળ
ગર્વની લાગણી અનુભવે છે.



કચ્છ જિલ્લાના નવાવાસ દુર્ગાપુરમાં જન્મેલા
આપને બાળપણથી જ સંસ્કાર અને વૈરાગ્યની પ્રેરણા મળી.
પ.પૂ. ગુરુદેવ ગુણસાગરસૂરીશ્વરજી મહારાજના ચરણોમાં
જીવન અર્પણ કરી અલ્પ વયે સંયમ માર્ગ સ્વીકાર્યો.
દીર્ઘ સંયમજીવન દરમિયાન ગુરુસેવા, સાહિત્ય સાધના અને
જૈનશાસનના ઉત્કર્ષમાં અવિરત યોગદાન આપ્યું.
આજે પણ આપના ઉપદેશો અહિંસા, કરુણા અને
આત્મકલ્યાણનો પ્રકાશ ફેલાવી રહ્યા છે.
ગુજરાતી ગૌરવ એવોર્ડ દ્વારા મળેલ સન્માન
આપની તપસ્યા અને દિવ્ય પ્રજ્ઞાનું ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે.



લિ. શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ - ટ્રસ્ટ મંડળ

# LRS FAMILY તરીકે ઓળખાતા માતુશ્રી લક્ષ્મીબાઈ રાયશી શામજી લોડાયા પરિવાર બાંઢીયાનું ત્રિદિવસીય સ્નેહમિલન યોજાયું



મા. લક્ષ્મીબાઈ રાયશી શામજી લોડાયા (બાંઢીયા) પરિવારના ૩ દિકરાઓ અને ૬ દિકરીઓના પરીવારના ૧૦૯ કુટુંબીજનોને વોટસએપનું ''LRS ગ્રુપ'' સાંકળી રાખે છે.

તા. ૨૪ થી ૨૬ જાન્યુઆરી ૨૦૧૪ ના ગુજરાતના હીલ સ્ટેશન સાપુતારામાં પ્રથમ સ્નેહમિલનના આયોજન બાદ ૧૨ વર્ષ પછી ૨૪ થી ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ગુજરાતમાં વાઘલધારા ગામ પાસે આવેલ જાનકી રીસોર્ટમાં આયોજિત સ્નેહમિલનમાં આ પરીવારના ૧૧૩ માંથી ૧ થી ૮૨ વર્ષના મુંબઈ, ગુજરાત, મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશથી પધારેલા ૭૯ સભ્યો હાજર હતા.

ત્રણ દિવસો દરમ્યાન મેળાવડો, વડીલ વંદના, રમત ગમત, હાઉઝીની વિવિધ ગેમ, સ્વિમિંગ પુલમાં મોજમજા, ક્રિકેટ મેચ વગેરેમાં બધાએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ.

તા. ૨૪ જાન્યુઆરીના નમસ્કાર મહામંત્ર સ્મરણ તથા આવકાર બાદ પરીવારના ૭૫ અને વધારે વયના ઉપસ્થિત ૩ સભ્યો મા.શાંતાબેન ખીમજી રાયશી લોડાયા (વય ૮૨-મુલુંડ), શ્રી દિનેશ ધનજી નાગડા (વય ૭૫- વડોદરા) તથા શ્રી મણીકાંત રાયશી લોડાયા (વય ૭૫-મુલુંડ) એવમ્ અનુપસ્થિતમાં મા. મણીબાઈ લક્ષ્મીચંદ વિશનજી ધરમશી (વય ૮૪-જખૌ) તથા મા. હીરાબાઇ વીરચંદ આણંદજી ખોના (વય ૮૦- આરીખાણા)નું વડીલ વંદના હેઠળ સન્માન કરવામાં આવેલ.

રાત્રે બોલીવુડ નાઈટ હેઠળ મુવી સ્ટાર જેવા પોશાકમાં બધાએ ગીત- સંવાદ વગેરે રજૂ કરેલ.

તા. ૨૫ ના પુલ પાર્ટીમાં ફલોરલ અને ટ્રોપિકલ પ્રિન્ટ ડ્રેસમાં સ્વિમિંગ પુલમાં સૌએ મજા માણી. વિવિધ ફેન્સી હાઉસી ગેમ રમાડવામાં આવી.

રાતના બાર વાગ્યા પછી પરીવારના વરિષ્ઠ સદસ્ય અને મુખ્ય સુત્રધાર શ્રી મણીકાંત રાયશી લોડાયાના પ્લેટીનમ જ્યુબિલી ૭૫ મા જન્મ દિનની ઉજવણી કરવામાં આવી ત્યારે એમના બહેન સૌ. હંસાબેન દિનેશ નાગડા એ જન્મદિન તથા પરીવારને અનુલક્ષીને સ્વ રચિત ગીત સંભળાવી સૌને ભાવ વિભોર કર્યા હતા. તે દિવસે સૌ. નેહા અમર નવિન રાયશી લોડાયા તથા શ્રી તારક મુકેશ દામજી વિકમશીના જન્મ દિનની પણ ઉજવણી થયેલ.

# LRS FAMILY તરીકે ઓળખાતા માતુશ્રી લક્ષ્મીબાઈ રાયશી શામજી લોડાયા પરિવાર બાંઢીયાનું ત્રિદિવસીય સ્નેહમિલન યોજાયું





ઉપસ્થિત પરીવારોને ઘર દીઠ મણીકાંતભાઈના ૭૫ મા જન્મદિનની ખુશાલીમાં પરીવાર તરફથી ટપ્પર વેરના પાણીના બે બોટલ અને ચાર ડબ્બાને સેટ તથા તારકના જન્મદિન નિમિત્તે પરીવાર તરફથી સ્ટીલની બરણીની પ્રભાવના કરવામાં આવેલ.




તા. ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૬ ના દરેક વ્યક્તિ સફેદ કલરના ડ્રેસમાં સજ્જ થઈ ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિને વંદે માતરમના નારાથી હોલને ગજાવી મુકેલ. પછી ક્રિકેટ મેચ રમાઇ. એક મેચ સ્ત્રીઓની તથા એક મેચ પુરૂષોની થઈ.

LRS સમસ્ત પરીવારના ૭૯ સદસ્યોએ સ્નેહમિલનમાં હાજરી આપી ખુબ આનંદ માણ્યો. પરીવારના યંગસ્ટરો એ સરસ પુર્વ તૈયારી કરી, સ્નેહમિલન દરમ્યાન સરસ સુવિધા ઉપલબ્ધ કરાવી, વિવિધ ગેમ રમાડી બધાને જકડી રાખ્યા તથા વડીલ વંદના અને જન્મ દિનની ઉજવણીની સુવ્યવસ્થા કરી.

આ સમસ્ત LRS પરીવારમાં ખીમજી (બુધ્ધિલાલ)/ મણીકાંત/નવિન રાયશી, મા.નવલબાઈ લખમશી નાગશી છેડા (નલિયા-સિહોર-એમ. પી.), મા. તારાબાઈ હીરજી કેશવજી નાગડા (નલિયા-વડોદરા), મા. વેજબાઇ/કાન્તાબાઈ દામજી કુવરજી વિકમશી (રાણપુર-બીલીમોરા/ વાપી), મા. હીરાબાઇ વીરચંદ આણંદજી ખોના (આરીખાણા-ડોમ્બિવલી), સૌ. હંસાબેન દિનેશ ધનજી નાગડા (નલિયા-વડોદરા) તથા મા. મણીબાઈ લક્ષ્મીચંદ વિશનજી ધરમશી (જખૌ-મુલુંડ) ના ૧૧૩ કુટુંબીજનો સમાવેશ છે.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જૈન મેરેજ મિશન અંતર્ગત પ્રથમ પરિચય મિલન યોજાયો : જેમાં કચ્છી જૈન સમાજના આઠ ફિરકાઓના ૨૮૦ લગ્નોત્સુક યુવક યુવતીઓની હાજરી રહી

જૈન મેરેજ મિશનના ઉપક્રમે પ્રથમ પરિચય મિલન સમારોહ તા.૧૭ જાન્યુઆરી શનિવારના સવારે દાદર-પૂર્વમાં હાલારી વીસા ઓશવાળ વાડીમાં લગ્નોત્સુક ઉમેદવારો અને આમંત્રિતોની વિશાળ હાજરીમાં યોજાયો હતો જેને ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો હતો. આ સમારોહમાં કવીઓ દશા હાલાર ગુર્જર વાગડની જૈન સમાજની આઠ જ્ઞાતિઓએ ભાગ લીધો હતો. કવીઓ સ્થાનકવાસી મહાજનના સ્વમાન લગ્ન આયોજનમાં એક લગ્ન કરી આપવાની જાહેરાત વિજ્ઞેશભાઈ ભેદાએ કરી હતી. તો વાગડ વીસા ઓશવાળ ચોવીસી મહાજનના પ્રમુખ ડૉ. નાગજીભાઈ રીટાએ વાગડ સમાજનાં દીકરા કે દીકરીનું નક્કી થાય તો સ્વમાન લગ્ન નિઃશુલ્ક કરી આપવાની જાહેરાત કરી હતી. જૈન મેરેજ મિશને મહાબળેશ્વરમાં હનીમૂન પેકેજ નિઃશુલ્ક કરી આપવાનું જાહેર કર્યું હતું. આ સિવાય કેતન સંઘવી, રામજીભાઈ, હીના ટૂર્સ, ગુર્જર સમાજ વગેરે તરફથી સહાયની જાહેરાતો કરાઈ હતી.

આરંભમાં સ્વાગત પ્રવચન જૈન મેરેજ મિશનના પ્રમુખ તરલાબહેન છેડાએ કર્યું હતું. આજ ના સમારોહના ભોજનદાતા બીનાબહેન રમણીક લાલજી સંગોઈ (સાડાઉ-માટુંગા)નો ખાસ આભાર માનું છું. હાલારી વાડી આજે વિનામૂલ્યે ફાળવવા બદલ હાલારી સમાજના મોવડીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

મિશનના એમિરેટ્સ ચેરમેન ચંદ્રકાંતભાઈ ગોગરીએ જણાવ્યું કે, કચ્છી જૈન સમાજના આઠ ફિરકાએ મળીને નવો પ્રયોગ કર્યો છે તે સફળ થશે. લગ્નોત્સુક ઉમેદવારોએ સમજવાનું છે કે જીવનમાં એડજસ્ટ કરવું પડશે તો લગ્નજીવન સરળતાથી ચાલશે. જૈન મેરેજ મિશનની હજુ શરૂઆત છે. આ અવસરે વિશિષ્ટ વ્યક્તિઓનું બહુમાન કરાયું હતું. જૈન જાગૃતિ સેન્ટ્રલ બોર્ડના ચેરમેન જયંતીલાલ છાડવા, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ અને અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ નયનભાઈ ભેદા, હાલારી વીસા ઓશવાળ સમાજના પ્રમુખ જયેન્દ્રભાઈ સાવલા, અશોકભાઈ મારૂ, સુભાષ મારૂ, કાર્યક્રમના જસ્મીન ડોડિયા, કુશાલ વીરા, અર્ચિત મોમાયા, સંચાલક રૂપા ગડા વગેરેનું સન્માન કરાયું હતું.

હાલારી સમાજના જયેન્દ્ર સાવલાએ સમારોહનું આયોજન વાડીમાં કરવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે જાહેર કર્યું હતું કે હાલારી સમાજવાડીમાં જૈન મેરેજ મિશન અંતર્ગત સગપણ થનાર ઉમેદવારના લગ્ન અમારી હાલારી ઓશવાળ વાડીમાં કરાશે તેમને ૧૦ ટકા ડિસ્કાઉન્ટ અપાશે. નીલેશ મહેતાએ લગ્નોત્સુક ઉમેદવારોને માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. હસુમતી છેડાએ મોટિવેશનલ સ્પીચ આપી હતી. કુણાલ વીરાએ વિવિધ ગેમ્સ રમાડી હતી. કાર્યક્રમનું સંચાલન રૂપા ગડાએ કર્યું હતું. સમારોહમાં શાંતિલાલ મારૂ, જયાબેન મારૂ, દિલીપ સંઘવી, દીપકભાઈ ભેદા, ચેતનભાઈ ઢીલા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના સ્થાપક પ્રમુખ હેમરાજભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. નીલેશ મહેતા, બંસીલાલ છેડા અને સુરેખા ગોગરીએ મંચ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

જૈન મેરેજ મિશનના દેવચંદભાઈ છેડાએ જણાવ્યું કે, અમારા પ્રથમ આયોજનમાં ૧૦૩ દીકરી અને ૧૮૦ દીકરાઓએ હાજરી આપી હતી. હાલમાં વેબસાઇટમાં ૪ મહિનામાં ૨૨૦૦ બાયોડેટા ભેગા થયા છે. ૧૨ મહિનામાં ૫૦ બાયોડેટા નિઃશુલ્ક જોવા મળશે.

# શ્રી ભક્તામર સ્તોત્ર (સચિત્ર) અને ભક્તિની દિવ્ય શક્તિ આધારિત ઓપન બુક એક્ઝામનું આયોજન

પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. લિખિત શ્રી ભક્તામર સ્તોત્ર (સચિત્ર) અને ભક્તિની દિવ્ય શક્તિ આ બે પુસ્તકો આધારિત Open Book Examનું આયોજન કરવામાં આવ્યું છે. ઘરબેઠા પરીક્ષા આપવા માટે વહેલો તે પહેલોના ધોરણે નીચે આપેલ સરનામે પુસ્તક પ્રશ્નપત્ર અને ઉત્તરપત્ર મેળવી લેવા. રૂા.૧૫૦ ભરીને નામ નોંધાવી આજે જ પુસ્તક મેળવી લેશો. ઉત્તરપત્ર પરત કરવાની અંતિમ તારીખ ૧ મે ૨૦૨૬ શુક્રવાર છે. ઓપન બુક પ્રકલ્પ ઉપર કૃપા, આજ્ઞા, આશિષ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલા-કવિ-વીર-મહોદયસૂરિશ્વરજી મ.સા.ની. સંકલન જિનશાસન શિરોમણિ તપસ્વી સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી શાસન પ્રભાવિકા પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા., પ્રશિષ્યા સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. પ્રકાશક શ્રી શત્રુંજય એકેડેમી ચાલીસગામ, સૌજન્ય શ્રી ભક્તામર ભક્ત પરિવાર.

પુસ્તક મેળવવા માટેના સરનામા ૧) સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વિકમશી, ૨/૩૯ અનંત નિવાસ, ભાતબજાર, મસ્જિદ બંદર. મો-૯૩૨૩૯૪૪૧૧૭ ૨) અ.સૌ.પૂર્ણિમાબેન પ્રદીપ લોડાયા, ફ્લેટ નં.૩૨ 'બી' વિંગ, ત્રીજે માળે, સાહિલ એપાર્ટમેન્ટ, દેરાસર લેન, દેવનગર, સીતા સદન સામે, કાંદિવલી (વેસ્ટ). મો.નં. ૯૮૯૨૪૪૩૭૯૧ ૩) અ.સૌ.દીપલબેન ખુશાલ વીરા, બી-૪૦૧, શ્રી સિધ્ધિ પ્લાઝા સોસાયટી, આર.આર.ટી.રોડ, ઓમ જ્વેલર્સની પાછળ, મુલુંડ વેસ્ટ. મો.નં.૯૯૩૦૯૮૦૩૯૯ ૪) અ.સૌ.મનિષાબેન હરીશ ખોના, ૧૦૬, અનંત છાયા, ૬૦ ફીટ રોડ, આર.બી.મહેતા માર્ગ, જૈન દેરાસર પાસે, ઘાટકોપર (ઈસ્ટ). મો.નં.૯૬૬૪૭૯૮૩૯૮ ૫) અ.સૌ.ગીતાબેન કિરીટ લોડાયા, રૂમ નં.૨ સી વિંગ, બિલ્ડિંગ નં.૪, છેડા રોડ, અંબિકા નગર પંચાયત બાવડી પાસે, ડોંબિવલી (ઈસ્ટ). મો.નં.૮૦૮૨૨૦૭૩૦૪ ૬) અ.સૌ. હેમલબેન વિજય પોલડીયા, શત્રુંજ્ય એકેડેમી, જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાલીસગાવ. મો.નં.૮૯૫૬૩૭૨૨૨૭ ૭) અ.સૌ. મીનાબેન ભાવેશ નાગડા મસ્જિદ બંદર. મો.નં.૯૯૩૦૧૯૫૨૮૧

ઉત્તર પત્રક તા.૧ મે ૨૦૨૬ સુધી મોકલવાનું સરનામું સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વીકમશી. મો.નં.૯૩૨૩૯૪૪૧૧૭

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી કુંથુનાથ જિનાલયના પ્રાંગણમા પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ સોમવાર, તા.૨૬ જાન્યુઆરીના ગણતંત્ર દિવસ (પ્રજાસત્તાક દિવસ)ના તિરંગા ઝંડો ફરકાવવામાં આવેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા સાથે જ્ઞાતિના વડીલજનો, બાળકોએ બહુરી સંખ્યામાં હાજરી આપેલ અંતમાં મહાજન દ્વારા સેવ બૂંદીનો પ્રસાદ અને નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ.

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા
# ૨૫ મી રજત ધ્વજા ત્રિહાન્હિકા મહોત્સવની ઉજવણી





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫ મી રજત ધ્વજા સહ ત્રિહાન્હિકા મહોત્સવમાં શુભનિશ્રા આપનાર પ.પૂ.સાધ્વી શ્રી નંદિષેણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી શાસનપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી સુનયનાશ્રીજી મ.સા.ને રાયપુર મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા અને શ્રી સંઘ દ્વારા આભાર વ્યક્ત કરેલ. બાદ પ્રવચન, મહામાંગલિક પ.પૂ.ગુરૂવર્યા દ્વારા આપવામાં આવેલ. જ્ઞાતિના સર્વે ઘર દીઠ પ્રભાવના (ગીફ્ટ) આપવામાં આવેલ.



# સાંધવતીર્થે શ્રી શાંતિનાથ દાદા જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠ
# નિમિત્તે ત્રિહિયાન્હિકા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ







અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.તપસ્વી મુનિવર હિતવર્ધનસાગરજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. ઠાણા ૩ની પાવનકારી નિશ્રામાં શ્રી સાંધવ નગર તીર્થના શ્રી શાંતિનાથ દાદાના જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી લઘુશાંતિસ્નાત્ર મહાવિધાન સહ ધ્વજારોહણ પ્રસંગ વિધિકાર કેવલભાઈ સાવલાના સથવારે ભવ્યતાભાવ સાથે ઉજવાયો.

ત્રિહિયાન્હિકા મહોત્સવના દાતા માતુશ્રી રસિલાબેન માણેકજી મેઘજી લોડાયા પરિવારે સંપૂર્ણ લાભ લીધેલ. રૂા.૧૬૦ની પ્રભાવના કરવામાં આવેલ.

# માતુશ્રી તારાબેન હીરજી કેશવજી નાગડા પરિવાર દ્વારા સતત ત્રીજા વર્ષે પાવાગઢ સાથે ડભોઈની યાત્રા યોજાઈ

માતુશ્રી તારાબેન હીરજી કેશવજી નાગડા પરિવાર (નલિયા-વડોદરા) છેલ્લા ત્રણ વર્ષથી વડોદરાના સકળ ક.દ.ઓ. જૈન સંઘને પાવાગઢની યાત્રા કરાવે છે.





ત્રીજા વર્ષે તા. ૧૯ જાન્યુઆરીના પાવાગઢ સાથે ડભોઇની યાત્રા થઈ. શરૂઆતમા કે.ડી.ઓ. સોસાયટીના શ્રી વિમલનાથ દાદાના દર્શન પૂજા કરી સવારે ૬.00 વાગે ૭0 યાત્રિકો સાથે પ્રયાણ કરી ૭.30 ક. વાગે ચાંપાનેર પહોંચ્યા.

ત્યાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના દર્શન પૂજા બાદ નવકારશી કરી પાવાગઢ પહાડ યાત્રા થઈ. માતાજીના દર્શન, મંદિરમાં ભાવના તથા ચોકમાં ગરબાની રમઝટ જમાવી.

બધા નીચે ધર્મશાળા બપોરના ભોજનશાળામાં જમીને પ્રયાણ કરી બપોરે 3.00 ક. ડભોઇ પહોંચી શ્રી લોઢણ પાર્શ્વનાથ તથા શ્રી પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ દાદાના દર્શન પૂજા કરી.

સાંજના ચૌવિહાર બાદ યાત્રિકો એ દાતા પરિવારનો તિલક હાર શ્રીફળ શાલથી બહુમાન કર્યું. દાતા પરિવાર તરફથી પણ સંપૂર્ણ યાત્રાનું આયોજન કરવામાં માટે કિશોરભાઈ ધુલ્લા, ગુણવંતીબેન લોડાયા તથા તરૂણભાઇ નાગડાનું બહુમાન કર્યું.

ડભોઇમાં બીજા ૪ દેરાસરના દર્શન કરી લોઢણ પાર્શ્વનાથ જિનાલયમાં ભાવના તથા આરતી-મંગલ દિવાનો લાભ લીધો.

ડભોઇથી રાત્રે ૮.00 ક. પ્રયાણ કરી રાતના ૯.00 ક. વડોદરા પહોંચ્યા.

સર્વે યાત્રિકોના સાથ સહકારથી યાત્રા ખૂબ સરસ રીતે થઈ.





# હુબલી નગરે આર્હંત્ય અભિષેકની ધર્મ આરાધના કરવામાં આવી

તા.૨૨ જાન્યુઆરી ગુરૂવાર વસંત પંચમીના પર્વ દિને કર્ણાટકના હુબલી નગર સંઘમાં પ.પૂ.સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના અવતરણ દિન પ્રસંગે આર્હંત્ય અભિષેકની ધર્મ આરાધના રાખવામાં આવેલ. સંઘના ભાવિકજનો સહભાગી થઈ ધન્ય ધર્મ લાભ લીધો હતો.





# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૬ | વરાડીયા મા બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજીને નમતા ભાવિકોની પહેડી સવારે ૯.૦૦ ક. થી જીવરાજ ભાણજી હોલ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૧૨/૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | મંજલ રેલડીયા નગરે નવ નિર્મિત જિનાલયમાં મૂળનાયક તથા અન્ય પ્રતિમાઓનો ચલ પ્રતિષ્ઠા મહોત્સવ |
| તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ | મુંબઈ મહાજન તથા ડોમ્બિવલી મંડળ આયોજિત અનંત ખેલોત્સવ સ્પોર્ટ્સ એકેડમી, મિલાપ નગર, ડોમ્બિવલી. |
| તા. ૨૧ ફેબ્રુઆરી થી ૦૧ માર્ચ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ પ્રેરીત બિદડામાં નેચર ક્યોર કેમ્પ |
| તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલી ફાગણી તેરસ નિમિત્તે છ ગાઉ યાત્રા માનસ મંદિર, શાહપુર સવારના ૬.૦૩ કલાકે થી. |
| તા. ૦૮ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોમ્બિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ બપોરના ૧૫.૦૩ કલાકે થી. |
| તા. ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિ:શુલ્ક પાવાગઢ -પાલીતાણા- ગિરનાર યાત્રા પ્રવાસ |


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**અજયભાઈ ગોસર**
તા.૨૫ જાન્યુઆરી (ઉ.૫૫)
ગોયરસમા-સેંધવા



**સંજયભાઈ ધરમશી**
તા.૨૫ જાન્યુઆરી (ઉ.૪૦)
રંગપુર-ડોંબિવલી



**ચેતનાબેન દંડ**
તા.૨૬ જાન્યુઆરી (ઉ.૬૩)
વરાડિયા-બુરહાનપુર



**મોતીચંદ ખોના**
તા.૨૮ જાન્યુઆરી (ઉ.૮૧)
નલિયા-ડોંબિવલી



**પ્રિયાવંતીબેન નાગડા**
તા.૨૮ જાન્યુઆરી (ઉ.૮૮)
નલિયા-કામોઠે




**ચેતનભાઈ ખોના**
તા.૨૭ જાન્યુઆરી (ઉ.૫૮)
તેરા-પુણે




**પરેશભાઈ નાગડા**
તા.૨૮ જાન્યુઆરી (ઉ.૫૭)
જખૌ-હુબલી



**હેમાબેન લોડાયા**
તા.૨૮ જાન્યુઆરી (ઉ.૮૦)
સુથરી-અગાસ



**રતિલાલ શીયાલ**
તા.૨૯ જાન્યુઆરી (ઉ.૭૨)
સુજાપર-મસ્જીદબંદર



**રાજેશભાઈ મોમાયા**
તા.૨૯ જાન્યુઆરી (ઉ.૫૫)
સાયરા-ડોંબિવલી



**કિશોરભાઈ નાગડા**
તા.૩૧ જાન્યુઆરી (ઉ.૭૦)
રંગપુર-ખરડી



**નયનાબેન ડાઘા**
તા.૩૧ જાન્યુઆરી (ઉ.૬૯)
વરાડીયા-ડોંબિવલી



**હેમંતભાઈ ખોના**
તા.૨૯ જાન્યુઆરી (ઉ.૫૦)
નલિયા-નાશિક



**રાજુલાબેન લાપસિયા**
તા.૩૧ જાન્યુઆરી (ઉ.૫૬)
નલિયા-ડોંબિવલી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● વિશ્વની દુર્લભ પ્રજાતિ ગ્રીન સી ટર્ટલ-દરિયાઈ કાચબા નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી અબડાસા તાલુકાના છછીથી જખૌ સુધીના દરિયા કિનારે ઈંડા મૂકવા આવે છે. ઉપરાંત માંડવી તાલુકાના અમુક વિસ્તારોમાં પણ ઈંડા મૂકે છે. જિલ્લા વન વિભાગના ડી.સી.એફ હર્ષકુમાર ઠક્કરના માર્ગદર્શન હેઠળ નલિયા દક્ષિણના આરસફેઓની ટીમ દ્વારા કાચબાના માળાઓ શોધી કાઢવામાં આવે છે. ઈંડાને કૂતરા કે અન્ય જાનવરોથી થતાં નુકસાનીથી બચાવવા માટે જે સ્થળે માદા કાચબાએ ઈંડા મૂક્યા હોય તેની ફરતે ગોળ જાળી લગાવી ૨૪ કલાક ચોકીદારી અને પેટ્રોલિંગ કરીને માળાઓની દેખરેખ રાખવામાં આવે છે. બચ્ચાં ઈંડામાંથી બહાર આવે ત્યારે તેઓ સુરક્ષિત રીતે દરિયામાં જાય તેની કાળજી લેવામાં આવે છે. સાતથી આઠ ફૂટ લાંબા અને બે ફૂટ પહોળા ગ્રીન સી ટર્ટલ દરિયાઈ કાચબા દુર્લભ પ્રગતિઓ ધરાવતા જીવ છે.

● માધાપરના નવચેતન અંધજન મંડળ જ્ઞાન જ્યોત બ્રેઈલ પુસ્તકાલય અને ગ્રંથપાલને રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા સ્વ.મોતીભાઈ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક વર્ષ ૨૦૨૪-૨૫ અંધજન ગ્રંથાલય કેટેગરી માટે રાજ્ય સ્તરનો વિશિષ્ટ પારિતોષિક પ્રાપ્ત થયું છે. જે જ્ઞાન જ્યોત બ્રેઈલ લાયબ્રેરીના કાર્યોને વધુ ઉત્તમ સેવાઓ માટે પ્રેરણારૂપ બનશે અને અંધજન વાચકો પ્રત્યેની સેવાના મૂલ્યોને વધુ મજબૂત બનાવશે.

● કચ્છી સમાજ અમદાવાદ દ્વારા કચ્છ માંડવીના વતની અને ભારતની સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયમૂર્તિ નિલયભાઈ વિપિનચંદ્ર અંજારિયાનું અભિવાદન સહ સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ મડઈજા માડુ-માંડવીના મિત્રો દ્વારા પણ ન્યાયામૂર્તિનું અભિવાદન કરાયું હતું.

● કચ્છમાં ત્રણ મહાબંદરના કારણે શરૂઆતથી જ માલ પરિવહન ક્ષેત્રે આવકમાં પશ્ચિમ રેલવે માટે ગાંધીધામ એરિયા કમાઉ દીકરા સમાન છે. અમદાવાદ ડિવિઝનને સાત મહિનામાં ૩૮૬૫ કરોડની આવક થઈ તેમાં ૮૦ ટકા યોગદાન ગાંધીધામ એરિયાનું છે. કચ્છમાં રેલવે દ્વારા વિવિધ માલ પરિવહન માટે માત્ર સાત મહિનામાં જ ૧૦૧૮૧ રેક દોડાવવામાં આવી હતી. જેના થકી ૨૨.૭૭ મિલિયન ટન માલનુ સફળ વહન કરાયું. તેના થકી ૩૦૭૭ કરોડની આવક રેલવેને કચ્છમાંથી મળી છે.

● નખત્રાણા તાલુકાના ભડલી ગામના પ્રતિભાળી બાંધણી કલાકાર ખત્રી નુંઅમાન ફરિદ અહેમદને હૈદ્રાબાદ ખાતે ડિજિટલ આર્ટિશન ઓફ ઈન્ડિયા એવોર્ડથી સન્માનિત કરાયા. પરંપરાગત કલા અને આધુનિક ટેકનોલોજીના સુંદર સંગમને આગળ ધપાવનાર આ પુરસ્કાર માટે દેશભરમાંથી ૨૦૦ થી વધુ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. અમેરિકા સહિત વિવિધ દેશોના ૧૬ જ્યુરી સભ્યોએ તમામ કારીગરોના કામનું વિગતવાર મૂલ્યાંકન કર્યું હતું.

● બોર્ડર સિક્યોરિટી ફોર્સ બીએસએફની સ્થાપનાના ૬૧મા દિનને અનુલક્ષીને નવમી નવેમ્બરના જમ્મુથી ભુજ માટે બીએસએફની ૬૦ જવાનની મેરેથોન બાઈક રેલી ૧૭૪૨ કિ.મી.નો પ્રવાસ કરીને ભુજ આવી પહોંચતા બીએસએફના ડી.જી.દલજીત સિંહ ચૌધરીએ આવકાર આપ્યો હતો. બાઈક રેલીમાં ૫૬ પુરૂષ જવાન અને ચાર મહિલા જવાન જોડાઈ હતી. જેમાંની એક મહિલા જવાન કચ્છી માંડવી તાલુકાના કોડાય ગામની જુણેજા હૂરબાઈ મોહમ્મદ હુસેન હતી. કચ્છની આ પ્રથમ મહિલા છે. જે બીએસએફ સૈનિક તરીકે જોડાઈ છે.

● શ્રીમદ ભાગવત કથામાં તેમજ ધાર્મિક ગ્રંથોમાં પવિત્ર તીર્થ ધામ તરીકેનો મહિમા વર્ણવાયો છે તેવા નારાયણ સરોવરના જૂના મંદિરો જર્જરિત થયાં છે. ચાર સંપ્રદાય મંદિરની દશા અતિ ખરાબ છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા નારાયણ સરોવર કોટેશ્વર માટેના વિકાસ પ્લાન કાજે રૂા.૧૦૪ કરોડ મંજૂર કરાયા છે. જેમાં કોટેશ્વર મંદિરનું મરમત કાર્ય, પવિત્ર સરોવરની પ્રદક્ષિણ કરી શકાય એ માટે પ્રદક્ષિણ પથ, મહાપ્રભુજીની બેઠકમાં વિકાસ કામ, પિંડદાન, પિતૃકર્મ માટે અલયાદી વ્યવસ્થા જેવા અન્ય કામો પણ કરવાનો તખ્તો ઘડાઈ રહ્યો છે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
GOLD LOAN
SOLAR LOAN
TRADE LOAN
LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank